સાતમા ચરણમાં વિક્રમી મતદાન

નવીદિલ્હી,તા. ૩૦

સાત રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લેતી લોકસભાની ૮૯ બેઠકો ઉપર આજે શાંતિપૂર્ણરીતે રેકોર્ડ ઉંચુ મતદાન નોંધાયું હતું. પશ્ચિમ બંગાળમાં ૮૧.૩૫ ટકાથી વધુ મતદાન થયું હતું જ્યારે ઉત્તરપ્રદેશમાં ૫૭ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. બિહારમાં ૬૦ટકાથી વધુ શાંતિપૂર્ણ મતદાન થયું હતું જ્યારે ગુજરાતમાં તમામ ૨૬ બેઠક ૬૨.૪ ટકા મતદાન થયું હતું. અગાઉ આજે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી.સાતમા તબક્કામાં મતદાનની ઉત્સાહપૂર્વક શરૂઆત થઈ હતી.આજે ગુજરાતની તમામ ૨૬ અને પંજાબની તમામ ૧૩ બેઠક પર મતદાનની શરૂઆત થઈ હતી. આ ચૂંટણીમાં અનેક મોટા માથાના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જેમાં સોનિયા ગાંધી, નરેન્દ્ર મોદી, એલકે અડવાણી, રાજનાથસિંહનો સમાવેશ થાય છે. હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યા બાદ મતદાનને લઈને ભારે ઉત્સાહ હતો અને આજે ધારણા પ્રમાણે જ તીવ્ર ગરમી હોવા છતાં ઉંચુ મતદાન થયું હતું. તેલંગાણાની ૧૭ બેઠક ઉપર પણ મતદાન થયું હતું. સોનિયા ગાંધીના રાયબરેલી, નરેન્દ્ર મોદીની વડોદરા બેઠક, અડવાણીની ગાંધીનગર અને રાજનાથસિંહની લખનૌ બેઠક ઉપર મતદાનની શાંતિપૂર્ણ રીતે શરૂઆત થઈ હતી. અને મતદાનની પૂર્ણાહૂતિ થયા બાદ રેકોર્ડ મતદાન નોંધાયું હતું. ૨૦૦૯ની સરખામણીમાં આ વખતે ખુબ ઉંચુ મતદાન થયું છે. સવારથી જ મતદારો મતદાન કરવા નિકળ્યા હતા.

અન્ય જે બેઠક ઉપર મોટા માથાઓ મેદાનમા હતા છે તેમાં કેન્દ્રિય પ્રધાન ફારુક અબ્દુલ્લા, ભાજપના મુરલી મનોહર જોશી, કેન્દ્રીય પ્રધાન શ્રીપ્રકાશ જયસ્વાલ, જેડીયુના પ્રમુખ શરદ યાદવનો સમાવેશ થાય છે. ઉમા ભારતી અને પ્રદિપ જૈન પણ મેદાનમાં હતા. જિતિન પ્રસાદ દોરાહામાંથ મેદાનમાં હતા. ભાજપનું નેતૃત્વ પ્રચારમાં નરેન્દ્ર મોદીએ કર્યું હતું. પ્રચાર દરમિયાન વિકાસ ભ્રષ્ટાચાર, મોંઘવારી, રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીના મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. બીજી બાજુ કોંગ્રેસે ગુજરાત મોડલ, કોમવાદ, ભાજપની વિભાજનકારી નીતિના મુદ્દા ઉઠાવ્યા હતા. રાહુલે અદાણી ગ્રુપ સાથે મોદીના સંબંધનો મુદ્દો ઉઠાવ્યો હતો. એએપી દ્વારા પણ ગુજરાતમાં પોતાના ઉમેદવાર ઉતારવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશમાં ૧૭ લોકસભા બેઠક અને તલંગાણા પ્રદેશમાં ૧૧૯ વિધાનસભા બેઠક માટે મતદાન યોજાયું હતું. આંધ્ર પ્રદેશમાંથી અલગ થયેલા તેલંગાણામાં જોરદાર મતદાન થયું હતું. આજના મતદાનની સાથે જ મોટાભાગની ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ ચુકી છે. હવે ૧૦૫ બેઠકોની ચૂંટણી બાકી રહી છે. આ બેઠકોમાં પણ કેટલીક મહત્વની બેઠકો છે પરંતુ મોટાભાગની ચૂંટણી પ્રક્રિયા આજે પુરી થઈ હતી. હવે જે રાજ્યમાં મતદાન બાકી છે તેમાં આંધ્રપ્રદેશમાં ૨૫, બિહારમાં ૧૩, હરિયાણામાં ૪, જમ્મુ કાશ્મીરમાં બે, ઉત્તરપ્રદેશમાં ૩૩, પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ઉત્તરાખંડમાં પાચ બેઠકોની ચૂંટણી બાકી છે.

આયોજન પંચને વધુ સક્રિય બનાવવા જરૂર : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૩૦

આયોજન પંચે તેમના ફેરવેલ ભાષણમાં વડાપ્રધાન મનમોહનસિંહને આજે કહ્યું હતું કે, ભારતની ગ્રોથ સ્ટોરી પ્રગતિમાં છે અને હજુ પણ વિકાસ સ્ટોરી વધુ આગળ વધશે. આયોજન પંચના સભ્યો સાથે તેમની છેલ્લી વાતચીતમાં વડાપ્રધાને કહ્યું હતું કે, ભારતની વિકાસની બાબત પ્રગતિમાં આગળ વધી રહી છે પરંતુ હજુ પણ ઘણા અંતર સુધી આગળ વધવાની જરૂર છે. આયોજન પંચના ચેરમેન તરીકે રહેલા સિંહે વૈશ્વિકરણના વિશ્વમાં સ્પર્ધામાં રહેવા આ સંસ્થાને ફરી રચવાની રજૂઆત કરી હતી. કમિશન સાથે તેમના

લાંબા સંબંધની યાદ કરતા સિંહે કહ્યું હતું કે, માર્કેટની વ્યવસ્થા અંગે વધારે આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની જરૂર છે. આયોજનની ભૂમિકાને વધુ અસરકારક બનાવવાની જરૂર છે. યુપીએના ૧૦ વર્ષના શાસન દરમિયાન પંચની કામગીરી અંગસંતોષ વ્યક્ત કરતા વડાપ્રધાને આશા વ્યક્ત કરી હતી કે, આ પેનલ પોતાની રીતે તમામ મામલાઓમાં ચકાસણી કરશે અને સરકારમાં પોલીસી ડિબેટમાં અને દેશના વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવશે. સિંહે ઉમેર્યું હતું કે, પંચને સમસ્યાઓને ઉકેલવા તેના મૂલ્યાંકનની જરૂર છે. ઉભરી રહેલા અર્થતંત્રમાં ઉભા થઈ રહેલા પડકારો તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે. સિંહે કહ્યું હતું કે, એપ્રિલ ૧૯૮૦માં આ પંચ સાથે તેના સંબંધોની શરૂઆત થઈ હતી તે વખતે તેઓ મેમ્બર સેક્રેટરી તરીકે હતા. તેઓ આ પંચના ડેપ્યુટી ચેરમેન પણ બન્યા હતા તે વખતે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા. ૧૯૯૧ અને ૧૯૯૬ વચ્ચેના નાણા પ્રધાન તરીકેના તેમના દિવસોની યાદ કરતા સિંહે કહ્યું હતું કે, તત્કાલિન આયોજન પંચના ડેપ્યુટી ચેરમેન અને હાલના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તરફથી તેમને અસામાન્ય ટેકો મળ્યો હતો. આયોજન પંચમાં વડાપ્રધાને ઘણા સમય સુધી અગાઉ કામ કર્યું હતું. આ અંગેની માહિતી પણ આપી હતી. મનમોહનસિંહ નાણામંત્રી તરીકે પણ ઘણા સમય સુધી રહ્યા હતા.

મોદી સામે અમદાવાદમાં આચારસંહિતા ભંગની ફરિયાદ

અમદાવાદ, તા.૩૦

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ આજે કમળના પ્રતિક સાથે નજરે પડવા બદલ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. નરેન્દ્ર મોદીની સામે આચારસંહિતા ભંગ બદલ બે એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવાની વાત ગુજરાત પોલીસ વડાએ કરી છે. ચૂંટણી પંચના આદેશ બાદ ગુજરાત પોલીસે એફઆઈઆર દાખલ કરી છે. ગુજરાત પોલીસના વડાએ કહ્યું છે કે, મોદીના ભાષણનું જીવંત પ્રસારણ કરવા બદલ ઈલેક્ટ્રોનિક મિડિયાની સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. અગાઉ ચૂંટણી પંચે એફઆઈઆર નોંધવાનો આદેશ કર્યો છે. સમગ્ર કાર્યવાહીના ભાગરુપે સજા પણ થઈ શકે છે. બીજી બાજુ ચૂંટણી પંચની મોદીને નોટિસ અંગે પ્રતિક્રિયા આપતા ભાજપે કહ્યું છે કે મોદી દ્વારા આચારસંહિતાનો કોઈપણ ભંગ કરવામાં આવ્યો નથી. પક્ષના પ્રવક્તા મિનાક્ષી લેખીએ કહ્યું છે કે, ચૂંટણી પંચના આદેશનો પાર્ટી સ્વીકાર કરશે. કોઈપણ આચારસંહિતાનો ભંગ કરાયો નથી. અમારા મુજબ મોદીએ આચારસંહિતાનો કોઈ ભંગ કર્યો

નથી. બીજી બાજુ ચૂંટણી પંચના આદેશ બાદ ગુજરાત પોલીસ દ્વારા મોદી સામે એફઆઈઆર દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મોદીએ આજે સવારે મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ ભાજપના ચૂંટણી પ્રતિક કમળ સાથે પત્રકારો સાથે વાતચીત કરી હતી. ચૂંટણી પંચ માને છે કે, મતદાન ચાલે ત્યારે કોઈપણ પ્રકારની ચૂંટણી સમગ્રી દર્શાવવાની બાબત યોગ્ય નથી. નરેન્દ્ર મોદીએ આરપી એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬(૧)(એ) અને ૧૨૬(૧)(બી)નો ભંગ કર્યો છે. આ તમામ કારણોસર પંચે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કર્યો છે. ગુજરાતના ચીફ સેક્રેટરી અને ડીજીપીને અહેવાલ મોકલી દેવાનો આદેશ કરવામાં આવી ચુક્યો છે. ચૂંટણી પંચે અગાઉ મોદી સામે કાર્યવાહી કરવાનો આદેશ કર્યો હતો. અમદાવાદ કલેક્ટર અને રિટર્નિંગ ઓફિસર રૂપવંતસિંહે ચીફ ઈલેક્ટોરલ ઓફિસરને અહેવાલ મોકલી દીધા બાદ આ આદેશ આપ્યો હતો. સિંહે કહ્યું હતું કે, અમે સીઈઓને આદેશ કરી ચુક્યા છે. પ્રાથમિક અહેવાલ પણ મોકલી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પંચના ધારાધોરણ મુજબ જો પાર્ટી ઉમેદવાર મતદાન મથકની અંદર કોઈ આવું વર્તન કરે છે તો આચારસંહિતાના ભંગ તરીકે ગણવામાં આવે છે. અગાઉ કોંગ્રેસ પાર્ટીએ આની નોંધ લઈને ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ પણ કરી હતી. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા કોઈપણ અવધિમાં કોઈ વ્યક્તિ દ્વારા જનસભા કરવામાં આવે છે તો બે વર્ષની સજાની જોવગાઈ રહેલી છે. મોદીની શૈલી રાજકીય ભાષણવાળી હતી. કોંગ્રેસે વડોદરા અને વારાણસીમાંથી મોદીની ઉમેદવારીને રદ કરવાની પણ માંગણી કરી છે. બીજી બાજુ ભાજપે મોદીનો બચાવ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોદી સવારે નવ વાગે પાર્ટીના દિગ્ગજ નેતા અડવાણીના સંસદીય ક્ષેત્ર ગાંધીનગરમાં મત આપવા માટે પહોંચ્યા હતા. મત આપ્યા બાદ મિડિયા સાથે વાતચીત કરવા પહોંચ્યા હતા.

બાબા રામદેવને જેલ ભેગા કરવા માયાની ફરી માંગણી

લખનૌ,તા. ૩૦

બહુજન સમાજ પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે ફરી એકવાર બાબા રામદેવની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, દલિતોનું અપમાન કરનાર યોગ ગુરૂ સામે અતિ કઠોર પગલા લેવા જોઈએ. યોગગુરૂને જેલ ભેગા કરવાની માયાવતીએ ફરી એકવાર માંગણી કરી હતી. માયાવતીએ કહ્યું હતું ક, રામદેવ યાદવ છે જેથી ઉત્તરપ્રદેશ સરકાર તેમની સામે કાર્યવાહી કરશે તેમ લાગતું નથી. તેમની સામે ચૂંટણી પંચે કામગીરી કરવી જોઈએ. બાબા રામદેવે જે પણ કર્યું છે તેને માફ કરી શકાય તેમ નથી. માયાવતીએ આક્ષેપોનો મારો ચલાવતા કહ્યું હતું કે, તેને ટેકો આપવા ભાજપ દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવેલા થોડાક દલિત લોકો પણ હવે બાબા રામદેવની

ટિપ્પણીથી લાલઘૂમ છે. બાબા રામદેવને જેલભેગા કરવા જોઈએ. માયાવતી કોંગ્રેસની લીડરશીપ અને ખાસ કરીને તેના પ્રમુખ સોનિયા ગાંધી તથા ઉપપ્રમુખ રાહુલ ગાંધીની ટિકા કરી હતી. રામદેવદ્વારા કરવામાં આવેલા સૂચનો બદલ એક પણ શબ્દ નહીં બોલવા બદલ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની પરોક્ષરીતે ટિકા કરી હતી. માયાવતીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, રામદેવ પાસેથી ભાજપને ટેકો મળી રહ્યો છે જેથી તેનું મૌન સમજવા જેવું છે પરંતુ કોંગ્રેસ બાબા રામદેવના નિવેદન અંગે શાંત કેમ છે. રામદેવે રાહુલ ગાંધીને ટાર્ગેટ બનાવીને મુખ્યરીતે હુમલા કર્યા છે. મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ બસપના નેતાએ કહ્યું હતું કે, દલિતો અને નબળા વર્ગના લોકોને બીઆર આંબેડકર દ્વારા ચલાવવામાં આવેલી લાંબી ઝુંબેશ બાદ તેમના મતાધિકારનો ઉપોયગ કરવાના અધિકાર મળ્યા હતા. માયાવતીએ ઉમેર્યું હતું કે, દેશમાં કોઈ મોદી લહેર નથી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની તરફેણમાં મિડિયા દ્વારા આ છાપ ઉભી કરવામાં આવી છે. માયાવતીએ કહ્યું હતું કે, રાજ્યના ઘણા બધા ભાગોમાં તેઓ ગયા છે પરંતુ મોદીને ખુબ ઓછો ટેકો મળી રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં આજે મતદાન યોજાયું હતું. ૨૩૩ ઉમેદવાર મેદાનમાં હતા જેમાં ભાજપ પ્રમુખ રાજનાથસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનો સમાવેશ થાય છે. આજના તબક્કામાં ઉત્તરપ્રદેશમાં લખનૌ, રાયબરેલી, દોરાહા, સીતાપુર, ઉનાવ, કાનપુર, જાલોલ, ઝાંસી, હમીરપુર, બારાબંકી સહિતની બેઠકનો સમાવેશ થાય છે. મધ્ય ઉત્તરપ્રદેશના ભાગોમાં આ બેઠકો આવેલી છે.

ટીવી એન્કર અમૃતા સાથે દિગ્વિજયસિંહના સંબંધ

નવીદિલ્હી,તા.૩૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે આજે કબૂલાત કરી હતી કે, ટીવી એન્કર અમૃતા રાવ સાથે

તેમના સંબંધો રહેલા છે. દિગ્વિજયસિંહના પત્નિનું ગયા વર્ષે અવસાન થયું હતું. દિગ્વિજયસિંહે આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે ઈન્ટરનેટ ઉપર અમૃતા રાય સાથે તેમના ફોટા જારી કરી દેવામાં આવ્યા બાદ માઈક્રોબ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર ઉપર દિગ્વિજયસિંહે આ અંગેની પ્રતિક્રિયા આપી છે.

અવિરત મંદી : સેંસેક્સમાં વધુ ૪૮ પોઇન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે સતત ચોથા દિવસે મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૪૮ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન કેપિટલ ગુડ્ઝ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલના શેરમાં મંદીનું મોજુ રહ્યું હતું. ગયા સપ્તાહમાં રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. સતત ચોથા કારોબારી સેશનમાં આજે ઘટાડો રહ્યો હતો. બીએસઈના ૩૦ શેર સેન્સેટીવ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો આજે તેમાં કારોબારના અંતે ૨૨૪૧૮ની સપાટી રહી હતી. સેંસેક્સ ૨૨૫૧૭ની સપાટીએ ખુલ્યો હતો. ગઈકાલે સેંસેક્સ ૨૨૪૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. કેપિટલ ગુડ્ઝ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ, રિયાલીટી અને બેંકિંગ શેરમાં વેચવાલી જોવા મળી હતી. જો કે, ઓટો મોબાઈલ અને ઓઈલ એન્ડ ગેસના શેરમાં તેજી રહી હતી. કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ૨૫૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં ૧૩૩ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં ૧૧૬ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. રિયાલીટી ઈન્ડેક્સમાં ૭૮ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. બેંક ઈન્ડેક્સમાં ૬૭ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી બાજુ નેશનલ સ્ટોક એક્સચેંજ નિફ્ટીમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. નિફ્ટી ૧૯ પોઈન્ટ ઘટીને ૬૬૯૬ની સપાટીએ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે પણ મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ગઈકાલે ૧૬૫ પોઈન્ટ ઘટીને નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. મેટલ, બેંક અને ઓટો મોબાઈલના શેરમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું.

ગઈકાલે સતત ત્રીજા કારોબારી સત્રમાં ઘટાડો રહ્યો હતો. ગયા સપ્તાહમાં સેંસેક્સ નવી ઉંચી સપાટીએ પહોંચી ગયા બાદ તેમાં આજે ઘટાડો રહ્યો હતો. મેટલ, બેંક અને ઓટો મોબાઈલના શેરમાં ભારે વેચવાલીનું દબાણ રહ્યું હતું. આંતરરાષ્ટ્રીય પરિબળોની અસર પણ બજાર ઉપર જોવા મળી રહી હતી. યુક્રેનને લઈને ઉભી થયેલી નવી તંગદિલીના પરિણામ સ્વરુપે વૈશ્વિક બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે.

રાહુલે અમેઠી માટે ઘણું જ કામ કર્યું છે : પ્રિયંકા

અમેઠી,તા. ૩૦

પ્રિયંકા ગાંધીએ આજે પણ અમેઠીમાં ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. તેના ભાઈ રાહુલના મતવિસ્તાર અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ અમેઠીમાં ઘણું બધુ કામ કર્યું છે. પ્રિયંકાએ પિતા રાજીવ ગાંધીની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. ચૂંટણી સભામાં બોલતા પ્રિયંકાએ કહ્યું હતું કે, દેશમાં ટેલિકોમ ક્રાંતિ લાવવા માટેની ક્રેડિટ પ્રિયંકાએ રાજીવ ગાંધીને આપી હતી. રાહુલ ગાંધીએ અમેઠી માટે ઘણું કામ કર્યું છે. લોકોના હાથમાં આજે મોબાઈલ ફોન જોવા મળે છે. આની ક્રેડિટ રાજીવ ગાંધીને પણ મળવી જોઈએ. આવી જ રીતે રાહુલ ગાંધીએ કરેલી કામગીરી પણ નજરે પડે છે. રોજગારી મેળવવામાં રાહુલે મદદ કરી છે. તેમના પિતા રાજીવ ગાંધીના સ્વપ્રને પૂર્ણ કરવાની તેઓ ઈચ્છા ધરાવે છે. રાહુલના રાજકીય સંબંધોના કારણે તેઓ આ વાત કરી રહ્યા નથી. સાથે સાથે રાહુલ ગાંધીને અહીંના લોકોએ ખુબ પ્રેમ આપ્યો છે. અહીં ઘણા લોકો આવ્યા છે અને જતા રહ્યા છે પરંતુ રાહુલ ગાંધીએ આ મતવિસ્તારમાં રહેતા લોકો માટે હંમેશા કામ કર્યું છે અને હજુ પણ જુદા જુદા ક્ષેત્રોમાં જે નબળાઈ રહી ગઈ છે તેને દૂર કરવાના પ્રયાસ કરવામાં આવશે. વિકાસની કામગીરી ચારેબાજુ અમેઠીમાં જોવા મળે છે. જો કે, વિરોધ પક્ષોએ અમેઠીમાં કોઈ કામગીરી થઈ હોવાનો ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે, કોઈ જગ્યાએ વિકાસની બાબત દેખાતી નથી.

એનઆઈએ દ્વારા ત્રાસ અપાઈ રહ્યો છે : ભટ્ટકલે કરેલો દાવો

નવી દિલ્હી,તા. ૩૦

અમદાવાદ સહિત દેશના જુદા જુદા ભાગોમાં ભૂતકાળમાં હુમલા કરીને રક્તપાત સર્જનાર ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીનના સહ સ્તાપક યાસિન ભટ્ટકલે હવે આક્ષેપ કર્યો છે કે એનઆઈએ દ્વારા તેને વ્યાપક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. ભટ્ટકલે કોર્ટની સમક્ષ આ મુજબનો દાવો કર્યો હતો. ભટ્ટકલે કહ્યું હતું કે તપાસ સંસ્થાએ તેને એવી જગ્યાએ રાખ્યો હતો જ્યાં તેને યોગ્ય ભોજનની ચીજવસ્તુઓ પણ આપવામાં આવી રહી ન હતી. તેની સારવાર પર પણ કોઈ ધ્યાન અપાયું ન હતુ. આ ગાળા દરમિયાન તેના પેટમાં પીડા હતી. જિલ્લા જજ આઈએસ મહેતાએ આ મામલે હવે અહેવાલ આપવા માટે તિહાર જેલના વહીવટીતંત્રને આદેશ કર્યો છે. ભટ્ટકલને જરૂરી સુવિધા આપવા માટે સુચના આપવામાં આવી છે. ભટ્ટકલે પોતાની અરજીમાં દલીલ કરી હતી કે જેલની અંદર તેની સાથે પ્રાણીઓ જેવુ વર્તન કરવામાં આવે છે. તેને એવી જેલમાં રાખવામાં આવ્યો છેજેમાં શુદ્ધ હવા આવતી નથી. સાથે સાથે સુર્યનો તાપ પણ રહેતો નથી. ભટ્ટકલ તરફથી હાજર રહેલા વકીલ એમએસ ખાને કહ્યું હતું કે તેના અસીલને જેલમાં યોગ્ય ભોજનની વ્યવસ્થા નથી. તેની સારવાર તરફ ધ્યાન અપાતુ નથી. ભટ્ટકલની અરજીમાં કહેવામાં આવ્યું છે કે એનઆઈએની કસ્ટડી દરમિયાન તેને વૈજ્ઞાનિક ટેકનોલોજી મારફતે કરાબ રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો.તે ત્રાસના અનુભવમાંથી હજુ સુધી બહાર આવી શક્યો નથી. તેની તરફથી કોર્ટ દ્વારા દલીલો કરવામાં આવ્યા બાદ હવે કાયદાકીય નિષ્ણાંતોમાં આને લઈને તર્ક વિતર્કનો દોર ચાલી રહ્યો છે. જો કે કુખ્યાત શખ્સની વાતમાં ખુબ ઓછાને વિશ્વાસ છે તેમ પણ કેટલાક લોકો માને છે.

મિડિયા પર વર્ચસ્વ માટે નાણાનો ઉપયોગ કરાયો

માધેપુરા,તા. ૩૦

જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવે આજે આક્ષેપ કર્યો હતો કે, હરીફ પક્ષો મિડિયાને પ્રભાવિત કરવા માટે મોટા પ્રમાણમાં નાણાનો ઉપયોગ કરી રહ્યા છે. યાદવે આદર્શ મધ્યવિદ્યાલયમાં મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ પત્રકાર સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, મિડિયા મેં થેલી કા ખુબ ખેલ હુઆ હૈ. યાદવે કહ્યું હતું કે, યાદવ-અન્ય લોકોનું માધેપુરામાં વર્ચસ્વ રહેલું છે જે યોગ્ય ઉમેદવારને મત આપશે. અહીં ત્રિકોણીય સ્પર્ધા મુખ્યરીતે જોવા મળી રહી છે. જેમાં આરજેડીના રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ અને ભાજપના વિજય કુશવાહ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. શરદ યાદવ પાંચમી અવધિ માટે માધેપુરામાંથી લોકસભામાં જવા ચૂંટણી મેદાનમાં છે. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને અન્યો સામે વૈચારિક લડાઈ અમારી જારી રહી હતી. હવે મોદી અને અન્યો સામે અમારી લડાઈ જારી છે.

સુપર સ્ટાર ચિરંજીવીને લાઈન તોડવા બદલ ફટકાર લગાવાઈ

સિકંદરાબાદ,તા. ૩૦

લોકસભાની ચૂંટણીના આજના તબક્કા દરમિયાન દક્ષિણ ભારતની ફિલ્મોના સુપરસ્ટાર અને કોંગ્રેસના નેતા ચિરંજીવીને એક યુવાને ફટકાર લગાવી હતી. ચિરંજીવી સવારમાં પરિવારના સભ્યોની સાથે મતદાન કરવા માટે પહોંચી ગયા હતા ત્યારે જ ચિરંજીવીએ લાઈન તોડીને આગળ જતા રહેવાનો પ્રયાસ કર્યો હતો જો કે યુવાને ફટકાર લગાવતા ચિરંજીવીને આખરે લાઈનમાં ઉભા રહેવાની ફરજ પડી હતી. મતદાન કરવા માટે પહોંચેલા ચિરંજીવીએ લાઈન તોડીને આગળ જવાનો પ્રયાસ કર્યો હતો. જેથી લોકો નાખુશ દેખાયા હતા. લોકોના જોરદાર વિરોધ બાદ ચિરંજીવીએ માફી માંગીને લાઈનમાં ઉભા થઈ ગયા બાદ મતદાન કર્યું હતુ બીજી બાજુ પંજાબના ગુરૂસાપુરમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રતાપ સિંહ બાજવાની પત્નિ પણ મત આપવાને લઈને ખુબ ઉતાવળમાં નજરે પડ્યા હતા. પ્રતાપસિંહના પત્નિ તેમની આગળ રહેલા મતદારોને પાછળ ધકેલીને આગળ વધી ગયા હતા. સિકંદરાબાદ લોકસભા ક્ષેત્રમાં

જુબલી હિલ્સ મતદાન મથક ઉપર સવારથી જ મત આપવા માટે લાંબી લાઈન જોવા મળી હતી. કેટલાક વૃદ્ધ લોકો પણ મત આપવા માટે એક કલાકથી લાઈનમાં હતા. પોતાનો નંબર ક્યારે આવશે તેની રાહ જોઈ રહ્યા હતા. તે જ વેળા અભિનેતા ચિરંજીવી તેમના પરિવાર સાથે આવી પહોંચ્યા હતા. ચિરંજીવી તેમના પત્નિ, તેમના પુત્ર રામચરણ તેજા અને અન્ય પરિવારના સભ્યો સાથે આવી પહોંચ્યા હતા. પરિવારના અન્ય સભ્યો લાઈનમાં ઉભા રહ્યા હતા. જ્યારે કેટલાક લોકોએ તેમને મતદાન મથકમાં પહેલા મત આપવા માટે આગળ આવવા કહ્યું ત્યારે લાઈનમાંથી બહાર નિકળી ગયા હતા અને અંદર જવા લાગી ગયા હતા. આજ ગાળા દરમિયાન કાર્તિકેય નામના યુવકે ચિરંજીવીને ફટકાર લગાવી હતી અને કહ્યું હતું કે, અમે કલાકોથી લાઈનમાં છે. આપને સ્પેશિયલ ટ્રિટમેન્ટની જરૂર છે. ચિરંજીવી આ વિરોધ બાદ એકદમ સાવધાન થઈ ગયા હતા અને લાઈનમાં આવીને ઉભા રહ્યા હતા. યુવકને સમજાવીને ચિરંજીવીએ માફી માંગી હતી. ચિરંજીવીએ મત આપ્યા બાદ કહ્યું હતું કે, તેઓએ કોઈ નિયમ તોડ્યા નથી. તેઓ માત્ર મતદાર યાદીમાં નામ જોઈ રહ્યા હતા.

સમાચાર ઝલક

- આઝમખાન સામે ચૂંટણીપંચ નિર્ણય તાત્કાલિક કરશે, નરમ વલણ દાખવશે.
- રોબર્ટ વાઢરા સામેની સુનાવણી તા.૧૩મી એ થશે.
- નરેન્દ્ર મોદીના પત્ની જશોદાબેને મહેસાણામાં મતદાન કર્યું.
- કોંગ્રેસ મહાસચિવ દિગ્વિજય સિંહે સંસદ સભાનાં મીડિયા પત્રકાર અમૃતારાય સાથેનાં સંબંધોનો સ્વીકાર કર્યો.
- વિશ્વ હિન્દુ પરિષદના મીડિયા કન્વીનર પર હુમલો થયો.
- ઝાંસીમાં બસપાના ઉમેદવાર અનિરૂદ્ધ પર હુમલો થયો.
- લખનૌમાં શસ્ત્રોનો મોટો જથ્થો અને રોકડ રકમ પકડાઇ.
- વડાપ્રધાન કાર્યાલયમાં શોર્ટસર્કિટથી આગનો બનાવ.
- ઇરાકમાં બોમ્બ વિસ્ફોટથી ૧૧નાં મોત.
- અમેરિકામાં કુદરતી વાવાઝોડાથી ૨૮ લોકોનાં મોત.
- મલેશિયાના વિમાનનો કાટમાળ મળ્યા હોવાનો દાવો કરતું ચીન.
- રોબર્ટ વાઢરાનાં પત્ની પ્રિયંકા વાઢરા રાખી સાવંત જેવા વિધાનો કરે છે : ઉમા ભારતી.
- કોઇ પણ રાજકીય પક્ષ કાબેલ નથી : પ્રવિણ તોગડીયા
- હરદ્વારમાં સફાઇનો મુદ્દો ચૂંટણીમાં મહત્ત્વનો બનેલ છે.
- માહિતીપ્રધાન મનીષ તિવારીએ નીતિન ગડકરીની માફી માગી લીધી.